દાખલ થયા તારીખ–૦૨/૦૫/૨૦૧૮
રજીસ્ટર થયા તારીખ–૦૨/૦૫/૨૦૧૮
જાહેર કર્યા તારીખ–૦૬/૦૩/૨૦૨૦
સમયઃ– વર્ષઃ ૦૧ માસઃ ૧૦ દિવસઃ ૦૪

સત્યમેવ જયતે

**<u>મે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ મુ–ગરૂડેશ્વર</u>**

નવો રિવ્યુ અરજી નં.૦૧/૨૦૧૯
જૂનો રિવ્યુ અરજી નં.૦૬/૨૦૧૮
સિવિલ પરચુરણ અ. નં. ૪૦/૨૦૧૭
આંકઃ

**<u>અરજદારઃ</u>**

(૧) લાલજીભાઈ મનસુખભાઈ તડવી

(૨) ચંદ્રકાંતભાઈ કાનજીભાઈ તડવી

બંને રહે. મુ. અકતેશ્વર, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા

**વિરૂધ્ધ**

**<u>સામાવાળાઃ</u>**

(૧) સોમાભાઈ દલસુખભાઈ તડવી

(૨) અમૃતભાઈ દલસુખભાઈ તડવી

(૩) વણાસી દલસુખભાઈ તડવી

તમામ રહે. મુ. અકતેશ્વર, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા

**અરજઃ** સી.પી.સી. ઓર્ડર–૪૭, રૂલ–૧ તથા સી.પી.સી. કલમ ૧૧૪ હેઠળ

---

અરજદાર તરફે વકીલશ્રી જે.પી.પંડયા
સામાવાળા તરફે વકીલશ્રી યુ.આર.તડવી

---

## <u>જજમેન્ટ</u>

(૧) અરજદાર ધ્વારા આ કામે હાલની રીવ્યુ અરજીમાં થયેલ ડીલે કોન્ડોન કરવા માટે

લીમીટેશન એકટની કલમ ૫ હેઠળ ડીલે કોન્ડોન કરવા માટેની અરજી આપેલી જે આંક–૧ નાં હુકમ હેઠળ તા. ૨/૫/૨૦૧૮ નાં રોજ કોન્ડોન કરવામાં આવેલ.

(૨) અરજદારોની હકીકત એવી છે કે, સદર કામે અરજદારના અરજીની હકીકત જોતાં તેઓએ તેમની અરજીમાં જણાવેલ છે કે, અરજદારો/વાદીઓએ અકતેશ્વર, તા.ગરૂડેશ્વર, જી.નર્મદાની સીમમ સર્વે નં. ૯૧, ૬૬, ૮૨ માટે અત્રેની કોર્ટમાં રે.મુ.નં. ૯૯/૦૮ થી વહેંચણ માટે દાવો કરેલ હતો. તેમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ હતું કે તમામ જમીનો પંતયારી હતી જેમાં વાદીઓને તા. ૨૫/૫/૧૯૭૮ ની પંચો રૂબરૂની વહેંચણથી અમારો હિસ્સો નકકી થઈ તેનો કબજો મળી જઈ તેનો ભોગવટો અમો કરીએ છીએ. જે પૈકી સર્વે નં. ૯૧, ૬૬ અમારે ખાતે થઈ ગયેલ છે પરંતુ સર્વે નં. ૮૨ નો અમારા હિસ્સાનો કબજો મળેલ હોવા છતાં તે ખેતર અમારે નામે પ્ર તિવાદીઓ કરી આપતાં નથી. જેથી અમારે તમામ બાપોતી મિલકત વહેંચણમાં મુકી અમારો હિસ્સો નકકી કરાવી સરસ નરસ ભાગ પાડવા અને દરેક વાદીઓનું ૧/૩ હિસ્સો કબજે મેળવવા દાવો કરેલ હતો. સદર કામે સેકન્ડ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં ચાલતું હતું જેમાં નામદાર કોર્ટે તા. ૧૦/૩/૨૦૧૭ નાં રોજ જજમેન્ટ તથા હુકમનામું કરેલ છે. જજમેન્ટનાં અંતિમ હુકમમાં વાદીનો ૧/૩ હિસ્સો ઠરાવવામાં આવે છે. તેમ જણાવેલ છે. ખરેખર વાદીઓ બે ભાગીદાર એટલ ે કે બે હિસ્સેદાર છે. તેમ છતાં કોર્ટની બોનાફાઈડ મિસ્ટેક અથવા ટેકનીકલ મિસ્ટેક થવા પામી છે તેમ જણાય છે.

ખરેખર વાદીઓનો પ્રથમથી જ કેસ છે જે હિંમત મનોરનાં ત્રણ (૩) દિકરાઓ હતાં. જે પૈકી પ્રથમ દિકરો મનસુખભાઈ હિંમતભાઈનાં વારસ દિકરા વાદી નં. ૧ લાલજી મનસુખ છે. બીજા દીકરા કાનજી હિંમતનો વારસ દિકરો વાદી નં. ૨ ચંદ્રકાંત કાનજી છે તેમજ સૌથી મોટો દિકરો દલસુખ હિંમત હતો જેનાં વારસ દિકરાઓ પ્રતિવાદીઓ આ રીતે હિંમત મનોરનાં દિકરાઓનો સદર મિલકતમાં ત્રણ (૩) ભાગ પડે જેથી વાદીઓને ૧/૩ ભાગ સદર મિલકતમાંથી મળે તેવી હકીકતો દાવામાં સ્પષ્ટ જણાવેલ છે જે પ્રતિવાદીઓએ કબુલેલ છે તેમજ કોર્ટે પણ પોતાના જજમેન્ટનાં પાના નં. ૯ નાં પેરા નં. ૨ માં ફાઈન્ડીગમાં આપેલ છે કે " પ્રતિવાદીઓએ સર્વે નં. ૯૧ તથા આંબાવાળા સર્વે નંબરમાં ભાગ લીધેલ છે, તે પ્રતિવાદીઓએ સ્પષ્ટપણે કબુલ કરેલ છે. તે સંજોગોમાં સર્વે નંબર ૮૨ માં પણ વાદીઓનો હકક લખાણ મુજબ ચાલુ રહેશે. કારણ

કે લખાણ મુજબ પ્રતિવાદીઓએ અન્ય બે સર્વે નંબરોમાંથી પોતાનો હિસ્સો લીધેલ હોય તે સંજોગોમાં લખાણ મુજબ વાદીઓનો સર્વે નંબર ૮૨ માં પણ આજદીન સુધી હિસ્સો રહેલો છે. આમ, હિંમત મનોરનાં બે દિકરા મનસુખ હિંમતનાં દિકરા વાદી નં. ૧ છે તથા બીજા દિકરા કાનજી હિંમતનાં દિકરા વાદી નં. ૨ છે. તેઓએ દાવાવાળા સર્વે નં. ૮૨ માં પોતાનો હિસ્સો દાવો કરીને માંગેલ છે. "

ઉપરોકત હકીકતો અંગે નામદાર કોર્ટે ફાઈન્ડીંગ આપેલ હોવા છતાં અંત ભાગમાં કોર્ટે " વાદીનો ૧/૩ હિસ્સો ઠરાવવામાં આવે છે. " તેમ જણાવેલ છે. ખરેખર બે વાદીઓ અલગ અલગ બ્રાન્ચનાં એટલે કે મનસુખ હિંમત તથા કાનજી હિંમત બ્રાન્ચનાં અલગ અલગ હિસ્સેદારો હોય તેમનાં હિસ્સાનો અલગ અલગ ૧/૩ હિસ્સો દરેક વાદીને મળવો જોઈએ. જેથી સદર જજમેન્ટમાં હુકમનાં અંતિમ ભાગમાં સુધારો કરવાની જરૂરત ઉભી થઈ છે.

**અરજનું કારણ :–** તા. ૨૫/૫/૨૦૧૭ નાં રોજ અમોને ગામમાં ફેલાવેલ વાતોથી જાણવા મળ્યું કે અમારો ૧/૩ હિસ્સો નકકી કરેલ છે અને એવું પણ જાણવા મળ્યુ છે કે બે ભાગ પ્રતિવાદીઓએ લેવાનાં છે અને અમોને ફકત એક જ ભાગ આપવાનો છે. જેથી અમોએ આ હકીકતની ભુલ છે તેની જાણ થતાં સદર દાવામાં સી.પી.સી. કલમ ૧૫૧ તથા ૧૫૨ મુજબ અરજી પણ આપેલ છે જે પેન્ડીંગ છે. જેથી ટેકનીકલ ખામીનો બાધ નડે નહિ જેથી આ અરજ કરી છે.

આ કામે રે.મુ.નં. ૯૯/૦૮ નાં કામે કોઈ અપીલ થયેલ નથી કે અન્ય કોઈ હકુમતવાળી કોર્ટમાં રીવીઝન પણ થયેલ નથી તેમ જણાવી દાદ માંગેલ છે કે

(૧) રે.મુ.નં. ૯૯/૦૮ નાં કામમાં દાવાવાળી જમીનો પૈકી સર્વે નં. ૮૨ માં દરેક વાદીઓનો ૧/૩ હિસ્સો છે તેવો જજમેન્ટનાં અંતિમ હુકમમાં સુધારો કરવા અરજ છે.

(૨) આ અરજનો ખર્ચ સામાવાળાથી વસુલ અપાવો.

(૩) એકંદરે હકીકત ઉપર બીજી કોઈ વધુ ન્યાયિક દાદ અપાવો.

**(૩)** સદર કામે સામાવાળાઓને દાવાના પ્રોસેસ બજતા તેમના વિ.વશ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારની ડીલે અરજીમાં જણાવેલ તમામ હકીકત તદ્દન ખોટી અને જુઠાણાથી ભરેલી હોઈ સામાવાળાને કબુલ મંજુર નથી.

આ કામનાં અરજદારની ડીલેની સમગ્ર અરજીમાં કુલ કેટલા સમયનો વિલંબ થવા પામેલ છે તે તેમની ડીલે અરજીમાં કોઈપણ જગ્યાએ જણાવેલ નથી કે દાદમાં પણ જણાવેલ નથી. આમ, લીમીટેશન એકટ મુજબની સમયનો વીલંબ દર ગુજર કરવાની અરજીમાં નીયત સમય બતાવવો ફરજીયાત છે અને તે સમય બાદ કરવા માટેનું ચોકકસ કારણ આધાર પુરાવા સહ રજુ કરવો જોઈએ. આમ, અરજદારની હાલની ડીલે અરજીમાં સમયગાળો જે બતાવવામાં આવેલ નથી, તો તે સંજોગોમાં હાલની અરજી કંઈ રીતે ચાલી શકે ? આમ, અરજદારની અરજીમાં ડીલેનો સમય બતાવવામાં આવેલ ન હોઈ અને લીમીટેશન એકટની જોગવાઈ મુજબ જો નીયત સમય ડીલેનો અરજીમાં જણાવેલ ન હોઈ તો કયો સમય કોન્ડન કરવો ? આમ, સદરહું અરજી લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબની ન હોઈ પ્રથમ તબકકે રદ કરવા અરજ કરેલ છે.

નામદાર નીચેલી કોર્ટમાં પક્ષકારો વચ્ચે સરસ નરસ ભાગનો દાવો ચાલી ગયેલ છે અને તેનું જજમેન્ટ તથા હુકમનામું તા. ૧૦/૩/૧૭ નાં રોજ આવી ગયેલ છે અને તેની જાણ બંને પક્ષકારોને થયેલી છે તેમ છતાં હુકમ તથા હુકમનામાં થયાનાં પાંચ માસ બાદ હાલની આ સમય દરગુજર કરવા માટેની અરજી કરેલી હોઈ જેથી લીમીટેશન એકટની કલમ ૫ ને નિગાહે લેતાં તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે હુકમની તારીખથી ૩૦ દિવસમાં અરજી કરવી પડે. આમ, અરજદારને નામદાર નીચલી કોર્ટનાં જજમેન્ટ તથા હુકમનામાંની તા. ૧૦/૩/૧૭ નાં રોજ જાણ થઈ ગયેલી હોવા છતાં સમયમર્યાદા બહાર એટલે કે પાંચ માસનાં વિલંબ બાદ હાલની આ અરજ ગુજારેલી હોઈ જેથી હાલની ડીલે અરજ નામંજુર કરતો ન્યાયી હુકમ કરવા અરજ કરેલ છે.

વધુમાં આ કામનાં અરજદાર તેમની ડીલે અરજીમાં વાદીઓનો અલગ અલગ ૧/૩ હિસ્સો હોવાનું જજમેન્ટમાં ફાઈન્ડીગ આપેલ હોવા છતાં બોનાફાઈડ/ટેકનીકલ મીસ્ટેકથી હુકમનામાં વાદીનો ૧/૩ હિસ્સો ઠરાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે તે તમામ હકીકત તદ્દન ખોટી અને પાટાફેર રીતે નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા માટે ઈરાદાપૂર્વક રજુ કરેલ છે જે સામાવાળાને કબુલ નથી. ખરી હકીકતે, નામદાર કોર્ટે રે.મુ.નં. ૯૯/૦૮ માં આંક–૧૮ થી જે મુદ્દા કાઢેલા છે તે મુદ્દા જોતાં:–

મુદ્દા નં. ૧:– શું વાદી પુરવાર કરે છે કે તેમનો દાવાવાળી મિલકતમાં ૧/૩ હિસ્સો સમાયેલો છે ?

મુદ્દા નં. ૩:– શું વાદી ૧/૩ હિસ્સો અને તે મુજબનો કબજો મેળવવા હકકદાર છે કે કેમ ?

આમ, ઉપરોકત મુદ્દા જે નામદાર કોર્ટે કાઢેલા છે તેમાં પણ માત્ર ૧/૩ હિસ્સા પુરતાં જ

વાદીનાં જણાવેલાં છે, આમ કોઈ ટેકનીકલ કારણોસર નામદાર કોર્ટનાં હુકમમાં ભુલ થયેલ નથી, પરંતુ મુદ્દાસર નિર્ણય કરેલો છે જેથી નામદાર નીચલી કોર્ટનો હુકમ તથા હુકમનામું કાયદેસર છે જેથી તેમાં ભુલ સુધારવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જે સબબે પણ આ કામનાં અરજદારની હાલની અરજી નામંજુર કરતો હુકમ કરવા મહેરબાની કરેલ છે.

આમ, વાદીનો ત્રીજો હિસ્સો ૧/૩ કાયદેસર મુદ્દા નં. ૧ તથા ૩ થી પુરાવાથી પુરવાર કરેલ છે અને તે મુજબ જજમેન્ટ તથા હુકમનામાંમાં જાહેર કરેલ છે તે મુજબ પક્ષકારોએ ભાગ પાડવાનો છે, આમ નામદાર કોર્ટે જે જજમેન્ટ તથા હુકમનામું દોરેલ છે તે કેસમાં રજુ થયેલા પુરાવા તથા વાદીઓનાં તથા પ્રતિવાદીઓનાં પુરાવાનાં સોગંદનામાં પરથી જજમેન્ટ તથા હુકમનામું દોરેલ છે. આમ, નામદાર નીચલી કોર્ટે ભાગ આપવામાં કોઈ ભુલ કરેલ નથી અને વાદી જેટલા ભાગ માટે દાવો કરેલો તેટલો તમામ ભાગ મંજુર નહિ કરી નામદાર કોર્ટે તેમની દાવાની સંપૂર્ણ હકીકત નહી સ્વીકારતાં માત્ર ૧/૩ ભાગ વાદી મેળવવા હકકદાર હોઈ અને તે મુજબનું જજમેન્ટ તથા હુકમનામું દોરવામાં આવેલ છે જે યોગ્ય અને ન્યાયી હોઈ કાયમ રાખવા ન્યાયી હુકમ કરવા અરજ કરેલ છે.

વધુમાં આ કામનાં અરજદારે તેમની ડીલે અરજમાં જે સમયનો વિલંબ થવા પામેલ છે તે માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરેલ નથી કે સમય પણ દર્શાવેલ નથી, કારણ કે લીમીટેશન એકટની જોગવાઈ જોતાં દરેક દિવસનાં વિલંબ માટેનું વ્યાજબી અને પુરતું કારણ પુરાવા સહ નામદાર કોર્ટમાં રજુ કરવું પડે, આમ, વાદીએ જે પાંચ માસનો વિલંબ બાદ હાલની અરજી ગુજારેલી છે તે પાંચ માસનો વિલંબ કેવા સંજોગોમાં થયેલો છે તે વીલંબ થવા પાછળનો કોઈપણ વ્યાજબી કારણ રજુ કરેલ નથી તથા ડીલે થવા બાબતે કોઈ વ્યાજબી કારણ તેમની ડીલે અરજીમાં બતાવેલ ન હોઈ, આમ કોઈપણ જાતનાં કારણ વગર ડીલે મંજુર કરી શકાય નહિ, તે સિંધ્ધાતને જોતાં પણ અરજદારની હાલની ડિલે અરજી નામંજુર કરવા ન્યાયી હુકમ કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી. બંને પક્ષકારોની દલીલો સાંભળતાં અરજદાર ધ્વારા હાલની અરજ હુકમનામાંમાં વાદીઓને ૧/૩ હિસ્સો ઠરાવવામાં આવેલ છે તેમાં દરેક વાદીએ અલગ અલગ ૧/૩ હિસ્સો મળવો જોઈતો હતો તે પ્રકારનો સુધારો કરવા માટેની

અરજ કરેલી છે. જયારે પ્રતિવાદીઓ ધ્વારા જણાવવામાં આવેલ છે કે જે મુદ્દા ઓરીજનલ દાવામાં આંક—૧૮ થી કાઢવામાં આવેલાં તેમાં મુદ્દા નં. ૧ અને ૩ જોતાં

મુદ્દા નં. ૧ઃ— શું વાદી પુરવાર કરે છે કે તેમનો દાવાવાળી મિલકતમાં ૧/૩ હિસ્સો સમાયેલો છે ?

મુદ્દા નં. ૩ઃ— શું વાદી ૧/૩ હિસ્સો અને તે મુજબનો કબજો મેળવવા હકકદાર છે કે કેમ ? તે અંગેનાં મુદ્દા ઠરાવવામાં આવેલાં છે. તે અંગે ગુણદોષનાં આધારે અગાઉ પુરોગામી જજ ધ્વારા નિર્ણય આપવામાં આવેલ છે. તેવા સંજોગોમાં હાલમાં જે સુધારો સુચવેલ છે તે કોઈ ટેકનિકલ કે બોનાફાઈડ મિસ્ટેક હોવાનું જણાઈ આવતું ન હોવાની રજુઆત કરવામાં આવેલી છે. તેવા સંજોગોમાં હાલમાં સુચવવામાં આવેલો સુધારો રીવ્યુ અરજી હેઠળ ન થઈ શકે તે બાબતની રજુઆત કરવામાં આવી છે.

**(૫)** વાદી ધ્વારા હાલની અરજીમાં જજમેન્ટમાં જે સુધારો સુચવેલ છે તે કોઈ ટેકનીકલ સુધારો હોવાનું બંને પક્ષોની દલીલોનાં આધારે જણાઈ આવેલ નથી. નામદાર કોર્ટ ધ્વારા રજુ કરવામાં આવેલો ચુકાદો જોતાં તેમાં આંક—૧૮ થી જે મુદ્દાઓ ઘડવામાં આવ્યાં છે તેમાં વાદી ૧/૩ હકક માટે હકકદાર છે કે કેમ તે અંગેનો મુદ્દા નં. ૧ ઠરાવવામાં આવ્યો છે અને વાદી ૧/૩ ભાગ લેવા માટે હકકદાર છે કે નહિ તે અંગે મુદ્દા નં. ૩ માં ઠરાવવામાં આવ્યું છે. પુરોગામી જજશ્રી ધ્વારા આ હુકમની અંદર ગુણદોષનાં આધારે નિર્ણય કરેલો છે. જે ગુણદોષનાં આધારે પુરાવા લીધા બાદ તેઓ એવા તારણ ઉપર આવેલાં છે કે વાદીનો દાવાવાળી જમીનમાં ૧/૩ હિસ્સો છે અને તેટલી જગ્યાનો તેઓ કબજો મેળવવા માટે હકકદાર છે. આવા સંજોગોમાં રીવ્યુ અરજમાં જયારે કોઈ મુદ્દાનો નિર્ણય ગુણદોષનાં આધારે પુરાવા લઈને નિર્ણય કરવામાં આવેલો હોય તો તે હુકમમાં ફેરફાર કરવાની અત્રેની કોર્ટને સત્તા હોવાનું જણાઈ આવતું નથી. આવા સંજોગોમાં વાદી ધ્વારા જે માંગણી કરવામાં આવેલી છે અને જે સુધારો કરવાની રજુઆત કરવામાં આવેલી છે તે સુધારો રીવ્યુ અરજી હેઠળ કરી શકાય નહિ. રીવ્યુ અરજી હેઠળ માત્ર એટલી જ હકીકત કોર્ટે જોવાની રહે છે કે કોર્ટ ધ્વારા કોઈ ટેકનીકલ ભુલ થયેલી છે કે નહિ પરંતુ પુરોગામી જજશ્રીએ મુદ્દાઓ કાઢી તે મુદ્દાઓ સંબંધે ગુણદોષનાં આધારે નિર્ણય આપેલો હોય અને તેમાં વાદીઓનો ૧/૩ ભાગ ઠરાવેલો હોય તેવા સંજોગોમાં કોઈ ટેકનિકલ ભુલ થયેલાં હોવાનું જણાતું નથી. આવા સંજોગોમાં રીવ્યુ અરજી હેઠળ વાદી ધ્વારા માંગવામાં આવેલો સુધારો મંજુર

કરી શકાય નહિ. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. અરજદારની રીવ્યુ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

હુકમ આજ રોજ તારીખ ૬ ઠી, માહે માર્ચ, સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૩/૨૦૨૦**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જુગલ જીતેન્દ્રકુમાર દવે)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ**
**ગરૂડેશ્વર, જિ.નર્મદા**
**(જી.જે.૦૧૫૩૨)**